(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાની જાહેરાત)

# જાહેરાત

**નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરની કચેરી ખાતે કાયદા અધિકારીની જગ્યા ૧૧ માસ માટે કરાર આધારિત ભરવા બાબત.**

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી માટે કાયદા અધિકારીની સેવાઓ કરાર આધારિત ૧૧ માસ માટે ઉચ્ચક મહેનતાણાથી લેવાની હોવાથી આ જગ્યા પર ઉમેદવારી નોંધાવવા માંગતા ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

- જગ્યાનું નામ :- કાયદા અધિકારી,
- કુલ જગ્યા :-૦૧,
- ઉચ્ચક મહેનતાણું :-રૂા.૬૦,૦૦૦/- પ્રતિમાસ

**જગ્યાની ઉમેદવારી માટેની લાયકાત અને અનુભવની વિગતો નીચે મુજબ છે.**

૧ કેન્દ્ર અથવા રાજ્યના કાયદા હેઠળ સ્થપાયેલ યુનિવર્સીટી અથવા યુ.જી.સી.એક્ટ -૧૯૫૬ હેઠળ જાહેર થયેલ ડીમ્ડ યુનિવર્સીટીની કાયદાના સ્નાતક કે તેનાથી ઉપરની પદવી ધરાવતા હોવા જોઈશે અને સનદ રજૂ કરવાની રહેશે.

૨ ઉપલી વયમર્યાદા ૫૫ વર્ષ રહેશે એટલે ૫૫ વર્ષની વય સુધીના ઉમેદવારો અરજી કરી શકશે. ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

૩ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં નોંધાયેલ (એનરોલમેન્ટ) હોવાનું પ્રમાણપત્ર કે આધાર વકીલ માટે જરૂરી રહેશે.

૪ ગુજરાતી અને અંગ્રેજી ભાષા ઉપરનું પ્રભુત્વ અનિવાર્ય રહેશે.

૫ કોમ્પ્યુટરનું બેઝિક જ્ઞાન ધરાવતા હોવા જોઈશે.

૬ નામદાર ગુજરાત હાઈકોર્ટ / જિલ્લા કોર્ટમાં એડવોકેટ તરીકે ઓછામાં ઓછા પાંચ વર્ષથી સક્રિય હોવા જોઈશે.

૭ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ પછાત વર્ગોની અનામત નીતિ, જાતિ પ્રમાણપત્ર, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓને અનુદાન, સર્વિસ મેટર્સ, માન્યતા અંગેના કેસોનો અનુભવ ધરાવતા કાયદા નિષ્ણાતના અનુભવને તેમજ સીવીલ કેસના કાયદા નિષ્ણાતને, સંજોગો અનુસાર અગ્રતા આપવામાં આવશે. **''અનુભવમાં છૂટછાટ મૂકવાની બાબતમાં વિભાગીય સમિતિનો નિર્ણય આખરી રહેશે.''**

**શરતો :-**

૧. અરજી પત્રક સાથે રૂ.૨૫૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ, હિસાબી અધિકારી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર **(Account Officer, Developing Caste Welfare, Gandhinagar)** ના નામનો મોકલવાનો રહેશે.

૨. સંપુર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી તમામ પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત (Self Attested) નકલ સાથે **તા:.૨૦/૦૭/૨૦૨૪** ના રોજ કચેરી સમય સુધીમાં મળી જાય તે રીતે નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં ૪, ત્રીજો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના સરનામે રજી.એ.ડી. થી મોકલી આપવાની રહેશે. **(કોઈપણ સંજોગોમાં અરજી રૂબરૂ સ્વીકારવામાં આવશે નહી.)**

૩. યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોનું મૌખિક ઈન્ટરવ્યુ અને ઉમેદવારોની પસંદગી કરવાની તમામ સત્તાઓ વિભાગીય સમિતિને રહેશે.

૪. લાયક ઉમેદવાર ન મળવાના કિસ્સામાં આ પસંદગી પ્રક્રિયા બંધ કરવાની તેમજ ફરી જાહેરાત પ્રસિધ્ધ કરી કાર્યવાહી કરવાની વિભાગીય સમિતીને સત્તા રહેશે તેમજ આ પ્રક્રિયા બાબતે આખરી નિર્ણય લેવાનો સમિતિનો અબાધિત અધિકાર રહેશે.

૫. આ જગ્યા ઉપર નિમણૂંક માટેનું મેરીટ નીચેની પધ્ધતિ અનુસાર તૈયાર કરવામાં આવશે.

| **ક્રમ** | **લાયકાત** | **ગુણનો ભાર** |
|---|---|---|
| (૧) | કાયદા સ્નાતકની પદવીમાં મેળવેલ ટકાવારીના આધારે ૪૦ % વેઈટેજ મુજબ ગુણ ફાળવવા (મહત્તમ ૪૦ ગુણ) | મેળવેલ ટકા X ૪૦/૧૦૦ |
| (૨) | કાયદા અનુસ્નાતક/પી.એચ.ડી. (કાયદા સ્નાતક કરતા વધારાની ફકત LAW ને લગતી લાયકાત માટે) જે લાયકાતમાં વધુ ટકાવારી હોય તે મેળવેલ ટકાવારીના આધારે ૧૫ % ના વેઈટેજ મુજબ ગુણ ફાળવવા (મહત્તમ ૪૦ ગુણ) | મેળવેલ ટકા X ૧૫/૧૦૦ |
| (૩) | એક વર્ષના અનુભવ માટે ૦૧ ગુણ લેખે (મહત્તમ ૩૦ ગુણની મર્યાદામાં તેમજ અપુર્ણાંકના કિસ્સામાં ૬ માસથી વધુ હોય તો ગુણ ફાળવવો)<br>અનુભવ બાબતે હાઈકોર્ટ કે તેથી ઉપરની કોર્ટમાં ધારાશાસ્ત્રી તરીકેનો એટલે કે વકીલાતનો પ્રત્યક્ષ અનુભવ જ ધ્યાને લેવામાં આવશે તેમજ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં નોંધણી તારીખથી અનુભવની ગણતરી કરવામાં આવશે. | મહત્તમ ૩૦ ની મર્યાદામાં |
| (૪) | મૌખિક ઈન્ટરવ્યુ (તેમાં પર્સનાલીટી, સર્વિસ મેટર, અન્ય પછાત વર્ગો માટેની બંધારણીય જોગવાઈઓ, અન્ય પછાત વર્ગો/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રો, નોનક્રિમીલેયર પ્રમાણપત્રો અંગેના ભારત સરકાર તથા રાજ્ય સરકારના નીતિ – નિયમો, માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫, ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩, પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ (POCSO Act) ૨૦૧૨, રાઈટ ટુ એજ્યુકેશન એકટ, લેબર લોની જાણકારી વગેરે બાબતોનો સમાવેશ મુખ્યત્વે કરવામાં આવશે.) | ૧૫ ગુણ |
| | **કુલ ગુણ** | **૧૦૦** |

૬. આ જગ્યા પર નિમણૂંક થયેથી ફરજ દરમ્યાન કરેલ ગંભીર બેદરકારી, ગેરવર્તણૂંક કે કપટના કિસ્સામાં તેવા કાયદા અધિકારીશ્રી સામે તેમની નિમણૂંકની સમાપ્તિ થયા પછી પણ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ કાનૂની પગલાં લઈ શકશે.

સહી/-
(**એ.કે.પરમાર**)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## **જાહેરાત**

**નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરની કચેરી ખાતે કાયદા અધિકારીની જગ્યા ૧૧ માસ માટે કરાર આધારિત ભરવા બાબત.**

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી માટે કાયદા અધિકારીની સેવાઓ ૧૧ માસ માટે કરાર આધારિત ઉચ્ચક મહેનતણાથી લેવાની હોવાથી આ જગ્યા પર જોડાવા માંગતા ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

**જગ્યાનું નામ :- કાયદા અધિકારી, કુલ જગ્યા :- ૦૧, ઉચ્ચક મહેનતાણું :- રૂા.૬૦,૦૦૦/- પ્રતિ માસ**

**લાયકાત :- માન્ય યુનિવર્સીટીની કાયદા સ્નાતક કે તેનાથી ઉપરની પદવી.**

- જગ્યા માટેની વિગતવાર લાયકાત, ઉંમર, અનુભવ તેમજ અન્ય વિગતો તથા નિયત અરજી ફોર્મ નિયામક, વિકસતી જાતિ કલ્યાણની વેબસાઇટ **https://sje.gujarat.gov.in/ddcw/** પર ઉપલબ્ધ છે.
- જાહેરાત મુજબ લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત નમૂનામાં જરૂરી ડોક્યુમેન્ટ સહિતની અરજી તા.૨૦/૭/૨૦૨૪ ના રોજ કચેરી સમય સુધીમાં મળી જાય તે રીતે ફકત રજી.એ.ડી.થી મોકલી આપવાની રહેશે.
- **અરજી મોકલવાનું સરનામું :- નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં.૪/૩ જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.**

સહી/-

**(એ.કે.પરમાર)**

નિયામક

વિકસતી જાતિ કલ્યાણ,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

# કાયદા અધિકારીની કરાર આધારિત જગ્યા માટેનું અરજી ફોર્મ ૨૦૨૪

| તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો (સ્વપ્રમાણિત) |
|---|

પ્રતિ,

નિયામકશ્રી,

વિકસતી જાતિ કલ્યાણ,

બ્લોક નં.૪/૩,ડો.જીવરાજ મહેતા ભવન,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

| | | | |
|---|---|---|---|
| ૧. | પુરેપુરૂ નામ (અટક પ્રથમ લખવી) | : | |
| ૨. | પત્ર વ્યવહારનું સરનામું – (ગુજરાતીમાં) | : | |
| ૩. | મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ એડ્રેસ | : | મો.નં.: |
| | | | ઈ–મેઈલ: |
| ૪. | ડીમાન્ડ ડ્રાફ્ટ નંબર | : | |
| | બેંકનું નામ/શાખા | : | |
| ૫. | રાષ્ટ્રીયતા : | : | |
| ૬. | જન્મ તારીખ (એલ.સી.મુજબ) | : | |
| ૭. | તા:૨૦/૦૭/૨૦૨૪ના રોજ ઉંમર | : | વર્ષ......... માસ.......... દિવસ....... |
| ૮. | જ્ઞાતિ | : | |
| ૯. | જાતિ (Gender) : પુરૂષ/સ્ત્રી | : | |
| ૧૦. | બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં નોંધણી કરાવ્યા તારીખ અને નંબર | : | |

P.T.O.

| ૧૧. | શૈક્ષણિક લાયકાત (Educational Qualification) | | | | |
|---|---|---|---|---|---|
| **No** | **Educational Qualification** | **Board/University** | **Year of Passing** | **Percentage** | **Class** |
| 1 | Graduate degree in Law | | | | |
| 2 | Master Degree in Law | | | | |
| 3 | Ph.D in Law | | | | |

| ૧૨. | અનુભવ :- (Experience) (બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં નોંધણી થયા તારીખથી અનુભવ ગણતરીમાં લેવો) | | |
|---|---|---|---|
| **No** | Name of / Firm | Period | |
| | | From | To |
| 1 | | | |
| 2 | | | |
| 3 | | | |
| 4 | | | |
| 5 | | | |

ઉપર દર્શાવેલ તમામ વિગતો સંપૂર્ણપણે સાચી છે અને મેં જાતે માહિતી ભરેલ છે. તેમાં દર્શાવેલ માહિતી અપુર્ણ / ખોટી હોવાના કારણે હું ગેરલાયક ઠરૂં તો ઉમેદવારી માટેનો હકદાવો ગુમાવીશ અને તેની અંગત જવાબદારી મારી પોતાની રહેશે તેની હું લેખિત ખાતરી આપું છું. જો માહિતી ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાશે તો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો નિર્ણય મને બંધનકર્તા રહેશે.

સ્થળ :-

તારીખ :- **(ઉમેદવારની સહી)**

P.T.O.

➢ **ઉમેદવારે અરજી સાથે નીચે મુજબના તમામ પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ દર્શાવેલ ક્રમ મુજબ રજુ કરવાની રહેશે તેમજ રૂબરૂ મુલાકાત સમયે અસલ પ્રમાણપત્રો સાથે લાવવાના રહેશે.**

(૧) રૂ.૨૫૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ (અસલમાં)

(૨) ઓળખપત્ર (ચૂંટણી કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, આધાર કાર્ડ વગેરે પૈકી કોઈ એક)

(૩) જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા SSCE બોર્ડ કે તેની સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય.

(૪) જ્ઞાતિ અંગેનો આધાર

(૫) બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં નોંધણી અંગેનું પ્રમાણપત્ર

(૬) કાયદા સ્નાતકના અંતિમ વર્ષનું ગુણપત્રક તથા ડીગ્રી પ્રમાણપત્ર

(૭) કાયદા અનુસ્નાતકના અંતિમ વર્ષનું ગુણપત્રક તથા ડીગ્રી પ્રમાણપત્ર

(૮) પી.એચ.ડી.(કાયદામાં) ગુણપત્રક તથા ડીગ્રી પ્રમાણપત્ર

(૯) અનુભવ અંગેનું પ્રમાણપત્ર

(૧૦) અટક અથવા નામમાં ફેરફાર કરાવેલ હોય તો તે અંગેની ગેઝેટની નકલ/લગ્ન નોંધણી પ્રમાણપત્ર